# ગાંધીનગરમાં બનશે વિશ્વનું સૌથી મોટુ ટોય મ્યુઝિયમ

**ચિલ્ડ્રન યુનિવર્સિટીને આ પ્રોજેક્ટ માટે ૩૦ એકર જમીન ફળવાઈ : ગાંધીનગરના આકર્ષણમાં વધુ એક ઉમેરો થશે : નરેન્દ્ર મોદી ઉદ્‌ઘાટન કરશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં વિશ્વમાં સૌથી મોટા ટોય મ્યુઝિયમ (બાલભવન)નું નિર્માણ કરવામાં આવશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી આ પ્રોજેક્ટનું




અમલીકરણ કરશે. ૧૫૦૦ કરોડના આ મહાત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે શાહપુર નજીક ૩૦ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે.

ગાંધીનગરના હરવા ફરવાના સ્થળોમાં ટુંક સમયમાં વધુ એક નજરાણાનો સમાવેશ થશે. શહેરમાં વિશ્વના સૌથી મોટા ટોય મ્યુઝિયમ (બાલભવન)ના નિર્માણને લીલી ઝંડી મળી ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અંગત રસ દાખવી આ પ્રોજેક્ટને મજંરી આપી છે અને ગીફ્ટસીટી નજીક ૩૦ એકર જમીનની ફાળવણી કરવામાં આવી છે. વિશ્વના સૌથી મોટા બાલભવનમાં દેશના ખૂણે ખૂણેથી ૧૧ લાખથી પણ વધુ પ્રાચીન અને આધુનિક રમકડાં મુકવામાં આવશે. ભારતના વૈજ્ઞાનિકો, કલાકારો, શહીદો, મહાપુરૂષો, વિવિધ મિસાઈલ્સના મોડેલ્સ, આઝાદીની લડાઈના લડવૈયાઓના રમકડાં મુકાશે. આ રમકડાંના માધ્યમથી શિક્ષણ અને સંસ્કાર

# શહેરમાં વરસાદનો વિચિત્ર મિજાજ

**આકાશમાં ગોરંભાયેલા વાદળો વરસતા નથી : ઝરમરિયા વરસાદ વચ્ચે સતત ભીંજારાથી નાગરિકો ત્રસ્ત : ૭ મી મી વરસાદ પડયો : મહત્તમ તાપમાન પણ ૫.૫ ડીગ્રી ઉંચકાયુ**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદનો મિજાજ વિચિત્ર રહેતા નગરજનો પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસતા મચ્છરીયા વરસાદથી ત્રાહીમામ પોકારી ગયા છે. એકબાજુ વરસાદી વાદળોનો આકાશમાં સતત ઘેરાવ જોવા મળી રહ્યો છે. પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી જયારે વાતાવરણમાં પણ ઉઘાડ નિકળતો નથી. મોસમના આ વિચિત્ર મિજાજ વચ્ચે નગરજનો પણ બેચેની અનુભવી રહ્યા છે. બીજીતરફ વાદળિયા વાતાવરણ વચ્ચે આજે મહત્તમ તાપમાનમાં પણ વિશેષ તફાવત જોવા મળ્યો હતો. આજે મહત્તમ તાપમાન ૫.૫ ડીગ્રી ઉંચકાતા ગરમીનો પારો પણ ૩૭ ડીગ્રીએ પહોંચી ગયો હતો. દિવસ દરમિયાન માત્ર ૭ મી મી વરસાદ થયો હતો.



સૌરાષ્ટ્ર સહીત દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં અત્યાર સુધી સિઝનનો સો ટકાથી વધુ વરસાદ થઇ ગયો છે.જયારે મેઘરાજાએ વારંવાર તોફાની અંદાજમાં બેટીંગ કરતા વરસાદના ભારે રાઉન્ડથી ચામેર પાણી પાણી થઇ ગયુ છે. ત્યારે ગાંધીનગર સહીત ઉત્તર ગુજરાતના વિસ્તારમાં વરસાદનો મિજાજ કાંઇક અલગ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં મેઘરાજા ધોધમાર વરસે છે. વરસાદી હેલીથી ચોમેર પાણી પાણી થઇ ગયુ છે. જયારે મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદનો મિજાજ ઝરમરિયો જોવા મળે છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો રોજ ગોરંભાય છે. જયારે ઝરમરિયા વરસાદના લીધે વાતાવરણમાં હજુ પણ ઉકળાટનુ પ્રમાણ અનુભવતા નગરજનો પણ બેચેની અનુભવી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો સો ટકા વરસાદ નોંધાયો છે. પરંતુ મેઘરાજા ટીપે ટીપે સરોવર ભરાય તેવા અંદાજમાં વરસી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન ઝરમર વરસાદના છાંટણા ચાલુ રહ્યા હતા. દિવસના અંતે માત્ર ૭ મી મી વરસાદ વરસ્યો હતો. શહેરમાં વરસાદી વાદળોના ઘેરાવા વચ્ચે મહત્તમ તાપમાન ૩૭ ડી ગ્રી નોંધાયુ હતુ. જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૯૮ ટકા રહ્યુ હતુ. સવાર થતા જ રોજ આકાશમાં ગોરંભાયેલા વરસાદી

# ગીફ્ટ સીટીના સિગ્નેચર બ્રિજ પર છેલ્લા ઘણાં દિવસોથી અંધારપટ્ટ

**કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા સિગ્નેચર બ્રિજની તમામ લાઇટો ડુલ : બ્રિજની સપાટી પણ ખરબચડી બની**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર નજીક સ્થિત ગીફ્ટ સીટીનો રાત્રિના સમયે નઝારો અનોખો જોવા મળે છે. બિઝનેસ હબ સમાન ગીફ્ટ સીટીને અનુલક્ષી સિગ્નેચર બ્રિજનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. આ બ્રિજના નિર્માણને અનુલક્ષી કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે આ બ્રિજ પર હાલ છેલ્લા ઘણાં સમયથી સેકટરોની જેમ અંધારપટ્ટ છવાયેલો છે. બ્રિજની તમામ લાઈટો ડુલ છે. જયારે બ્રિજ પરની સરફેસ પણ ખરબચડી થઇ ગઇ છે. આવા સંજોગોમાં પસાર થતા રાહદારીઓને પણ હાલાકી વેઠવી પડે છે.

ચોમાસા દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહે છે. સેકટરોમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. એકબાજુ સ્ટોર્મ વોટર લાઇનના લીધે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવ્યુ છે. જેના લીધે શહેરમાં ભયજનક સ્થિતિ સર્જાઇ છે. રાત્રિના સમયે સેકટરોમાં અંધારપટ્ટ વચ્ચે નાગરિકોમાં ભયની લાગણી વ્યાપે છે. જયારે શહેર ઉપરાંત જિલ્લામાં પણ માર્ગો પર લાઇટો ડુલ જોવા મળી રહી છે. શહેર નજીક સ્થિત બિઝનેસ હબ ગણાતા ગીફ્ટ સીટીના વિસ્તારમાં પણ અંધારુ જોવા મળી રહ્યુ છે. ગીફ્ટ સીટીને જોડતા સિગ્નેચર બ્રીજ પર પણ સ્ટ્રીટ લાઇટના તમામ થાંભલાઓ બંધ હાલતમાં છે. કરોડોના ખર્ચે તૈયાર કરાયેલા આ બ્રિજ પર સ્ટ્રીટ લાઈટો ઘણાં સમયથી બંધ છે. જેના લીધે રાત્રિના સમયે વરસાદી દિવસોમાં પસાર થવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. ગીફ્ટ સીટીને જોડતા આ બ્રિજના નિર્માણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે બ્રિજ પરના બધા જ લાઈટીંગ પોલ્સ કાર્યરત નથી બીજીતરફ વરસાદના લીધે

## ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ ૪થીએ જિલ્લાનો પ્રવાસે

**સંગઠ્ઠન-ચૂંટાયેલા પદાધિકારીઓ અને વિવિધ ક્ષેત્રના આગેવાનો સાથે બેઠક કરશે**

ગાંધીનગર, તા. ૩૦

ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલનો ઉત્તર ગુજરાતનો પ્રવાસ ૩જી સપ્ટેમ્બરથી અંબાજી ખાતે દર્શન બાદ આરંભાશે. સી.આર. પાટીલે સંગઠ્ઠનના પ્રમુખ તરીકે ચાર્જ સંભાળ્યા બાદ તેમનો આ બીજો પ્રવાસ છે. તેઓ ૪થી સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે આવી પહોંચશે. કલોલ ખાતેથી તેઓના જિલ્લાના પ્રવાસનો પ્રારંભ થશે. મળતી વિગતો પ્રમાણે કલોલ ખાતે તેઓ સાંજે ૪.૩૦ ની આસપાસ આવી પહોંચશે. તેઓ મહેસાણાનો કાર્યક્રમ પતાવી કલોલ પહોંચશે. કલોલમાં તેઓ કલોલ બાદ સીધા ગાંધીનગર આવશે અને ગાંધીનગર ખાતે તેઓ શહેર-જિલ્લા ભાજપ સંગઠ્ઠન સાથે પ્રથમ બેઠક કરશે. આ પછી તેઓ ચૂંટાયેલા સભ્યોને મળશે. આ બેઠક માટે એક કલાક જેટલો સમય નિયત કરવામાં આવ્યો છે.

પાટીલ આ પછી સાંજે ૬ વાગ્યા પછી શહેર-જિલ્લાના સામાજિક-ધાર્મિક-સહકારી અને વેપારી ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે અલગથી બેઠક કરશે. તેઓ ગાંધીનગર ખાતે જ રાત્રિ રોકાણ કરવાના છે. આ પછી બીજા દિવસે સવારે તેઓ નવ વાગ્યે ગાંધીનગરથી પ્રસ્થાન કરશે અને ચિલોડા થઈ સાબરકાંઠા જિલ્લાનો પ્રવાસ શરૂ કરશે. ૫ મી સપ્ટેમ્બરના રોજ જિલ્લા ભાજપ દ્વારા ચિલોડા ખાતે તેમનું સ્વાગત અને સન્માન કરવાનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો છે.

# જિલ્લામાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ થયો

**આજે કલોલમાં અઢી ઈંચ, દહેગામમાં સવા ઈંચ, ગાંધીનગરમાં પોણો ઈંચ અને માણસામાં હળવા ઝાપટા સાથે સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો : ૨જી સપ્ટેમ્બર સુધી વરસાદી માહોલ રહેશે તેવુ પૂર્વાનુમાન છે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે સાર્વત્રિક વરસાદ થતાં જ ચોમાસાની સીઝનનો ૧૦૦ ટકા વરસાદ નોંધાઈ ચુક્યો છે. આજે સવારે ૬ થી સાંજના ૬ સુધીમાં જિલ્લામાં સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો છે.

જિલ્લાના કલોલ તાલુકામાં અઢી ઈંચ જેટલો વરસાદ સાંજે ૬ વાગ્યા સુધીમાં નોંધાયો હતો. દહેગામમાં સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો તો ગાંધીનગર તાલુકામાં પોણા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. માણસામાં હળવા વરસાદી ઝાપટાથી ૪ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

આજે સવારના ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૮૫૦ મી.મી., ગાંધીનગરમાં ૭૩૨ મી.મી., કલોલમાં ૭૩૩ મી.મી. અને માણસામાં ૭૯૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. ચારેય તાલુકામાં સિઝનમાં નોંધાતા સરેરાશ વરસાદથી પણ વધુ વરસાદ થઈ ચુક્યો છે.

આજે સવાર સુધી નોંધાયેલા વરસાદના આંકડાઓ જોઈએ તો સરેરાશ વરસાદમાં માત્ર પાંચ મી.મી. વરસાદ જિલ્લામાં ઓછો નોંધાયો હતો પરંતુ સવારથી શરૂ થયેલા વરસાદથી આ ઘટ પણ પુરી થઈ ગઈ છે અને જિલ્લો હવે ૧૦૦ ટકા વરસાદ થયાની યાદીમાં સામેલ થઈ ગયો છે.

ગાંધીનગર અને દહેગામમાં તો ૧૦૦ ટકાથી પણ વધુ વરસાદ સીઝનનો અગાઉ નોંધાઈ ચુક્યો હતો.

આજે થયેલા આ વરસાદ પછી પણ આગામી દિવસોમાં વરસાદ થશે તેવી આગાહી છે. જિલ્લામાં સીઝનનો ૧૦૦ ટકા વરસાદ થઈ જતાં ખરીફ વાવણીને પણ સારો ફાયદો જોવા મળી રહ્યો છે. ઉપરાંત પીવાના પાણીની સમસ્યા પણ ઉકલી જવા પામી છે.

પહેલીવાર જિલ્લામાં પાક પેટર્ન અને વરસાદની પેટર્નમાં બદલાવ એક સાથે થયો હોવા છતાં

# પુંધરા ગામે ૭ વર્ષનું શિશુ અને અડાલજમાં બે વર્ષની બાળકી સહિત ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ નવા કેસ

**જિલ્લામાં ૧૩૫૫ દર્દીઓ કોરોના મુક્ત થયા : ૧૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ : ૧૭,૧૦૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. જો કે રાજ્ય સરકારે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવાયુ છે.

જિલ્લાતંત્ર સરકારના અને તેના આંકડાઓમાં આવતા તફાવતને લઈ કંઈજ કહેવા તૈયાર નથી. જો કે તંત્ર દ્વારા જિલ્લામાં વધતા જતા મૃત્યુઆંકને લઈ પણ જે મૌન સેવવાની નીતિ અપનાવી છે તેને કારણે ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાએ હવે તંત્રની વાતો પણ શંકાની નજરે જોવાનું શરૂ કર્યુ છે.

જિલ્લામાં વધતા જતા કેસો અંગે ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની આક્રમક વ્યુહરચના પછી કેટલા ટેસ્ટ કરાયા અને કેટલા પોઝીટીવ આવ્યા તેના આંકડાઓ અંગે પણ તંત્ર ગજબનું મૌન સેવી રહેલ છે. એટલુ જ નહિ હોસ્પિટલોમાં દર્દીઓની સ્થિતિ બાબતે તેમજ કેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે તે અંગે પણ તંત્ર મૌન સેવી રહ્યુ છે.

આજે નોંધાયેલા ૨૦ કેસમાં ગાંધીનગરમાં ૧૦, દહેગામમાં ૪, માણસામાં ૪ અને કલોલમાં ૨ કેસ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે કોરોના માટે હોટસ્પોટ બનેલ વાવોલમાંથી આજે બે કેસ મળ્યા છે. વાવોલમાંથી ૪૬ વર્ષીય પુરૂષ અને ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચંદ્રાલામાંથી ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

છાલામાંથી ૩૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. છાલામાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

રાંધેજામાંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૪૫ વર્ષીય પુરૂષ અને ૩૯ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે.

કુડાસણ બાદ આજે અડાલજમાંથી ૨ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. કુડાસણમાંથી એક ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાયસણ ગામેથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. રાયસણમાંથી ૫૯ વર્ષીય પુરૂષનો તેમજ ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં નવા ૧૧ કેસ નોંધાયા

**૮૦૦નો આંક પાર : આજે ૬૫ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે : ૨૦૫ કન્ટેનમેન્ટ ઝોન : સે. ૪ માંથી ૩ કેસ ઉપરાંત સે. ૧૪, સે. ૨૪, સે. ૭, સે. ૨૨, સે. ૧૬, સે. ૨૯, સે. ૨૫ અને સે. ૧૭માંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાતા શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૮૦૦ના આંકને પાર કરી ગયુ છે. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૮૦૩ થઈ છે.

આજે નોંધાયેલા કેસોમાં પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ, ઉપસચિવ સંસદીય બાબતો, બ્રાન્ચ મેનેજર સેન્ટ્રલ બેંક, નાયબ સેકશન અધિકારી, પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૬૫ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો જરૂર થયો છે પરંતુ રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

આજે સે. ૪ માં થી ૩ કેસ નોંધાયો છે. આ ઉપરાંત સે. ૧૪, સે. ૨૪, સે. ૭, સે. ૨૨, સે. ૧૬, સે. ૨૯, સે. ૨૫ અને સે. ૧૭ માંથી કેસો મળી આવ્યા છે. છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી આજે રજાના દિવસે પણ તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૪ માંથી એક સાથે ૩ કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. સે. ૪ માંથી છેલ્લા થોડાક દિવસોથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રએ સમગ્ર સેકટરમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. સંવેદનશીલ બની રહેલ

● અનુસંધાન પાના - ૭ પર


## શેર ઈન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ

CIN : L67120GJ1994PLC115132

રજીસ્ટર્ડ ઓફીસ : યુનિટ નં. ૬૦૪ એ-બી, ૬૦૫ એ-બી, છઠ્ઠો માળ, ટાવર એ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર ગીફ્ટ સીટી, બ્લોક નં. ૫૧, ઝોન-૫, રોડ ૫ ઈ, ગીફ્ટ સીટી, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૩૫૫. ટેલી : +91-11-43011000, ઈ-મેઈલ: vikas_cs@shareindia.com

**૩૦મી જુન, ૨૦૨૦ ના રોજ પુરા થતાં ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ સંયુક્ત નાણાંકિય પરિણામોનો સાર**

(રકમ રૂા માં)

| ક્રમ | વિગતા | ત્રિમાસિક ગાળાના અંતે ૩૦-૦૬-૨૦૨૦ | ત્રિમાસિક ગાળાના અંતે ૩૧-૦૩-૨૦૨૦ | ત્રિમાસિક ગાળાના અંતે ૩૦-૦૬-૨૦૧૯ | નાણાંકિય વર્ષના અંતે ૩૧-૦૩-૨૦૨૦ |
|---|---|---|---|---|---|
| | | અન ઓડિટેડ | ઓડિટેડ | અન ઓડિટેડ | ઓડિટેડ |
| ૧. | કામકાજ માંથી કુલ આવક | ૯૫૪,૪૫૦,૪૫૭ | ૧,૦૫૬,૧૨૦,૨૩૯ | ૫૧૭,૦૯૧,૪૫૨ | ૨,૭૯૩,૪૫૬,૯૬૭ |
| ૨. | ગાળાનો ચોખ્ખો નફો / (તોટો) (વેરા, અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પુર્વે ) | ૧૭૭,૮૯૨,૭૭૯ | ૨૧૨,૩૮૦,૬૨૧ | ૮૧,૬૮૫,૯૫૪ | ૫૦૬,૮૦૩,૧૨૮ |
| ૩. | વેરા પુર્વે ગાળાનો ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી) | ૧૭૭,૮૯૨,૭૭૯ | ૨૧૨,૩૮૦,૬૨૧ | ૮૧,૬૮૫,૯૫૪ | ૫૦૬,૮૦૩,૧૨૮ |
| ૪. | વેરા પછી ગાળાનો ચોખ્ખો નફો / (તોટો) (અપવાદરૂપ અને / અથવા અસાધારણ ચીજો પછી) | ૧૩૩,૮૨૪,૩૨૨ | ૧૬૯,૯૨૦,૯૭૭ | ૫૪,૫૧૫,૪૦૭ | ૪૦૦,૦૧૭,૯૦૮ |
| ૫. | ગાળાની કુલ સર્વગ્રાહી આવક [ગાળાના નફા / (તોટા) (વેરા પછી) અને સહીત અન્ય સર્વગ્રાહી આવક (વેરાપછી) સહીત] | ૧૩૪,૨૦૫,૦૫૪ | ૧૫૯,૯૫૫,૫૫૮ | ૫૪,૫૧૫,૪૦૭ | ૩૯૦,૦૫૨,૪૮૯ |
| ૬. | ભરપાઈ થયેલ ઈકવીટી શેર મુડી (મુળ કિંમત રૂા.૧૦/-) | ૩૧૯,૦૬૫,૮૮૦ | ૩૧૯,૦૬૫,૮૮૦ | ૨૪૪,૨૪૫,૮૮૦ | ૩૧૯,૦૬૫,૮૮૦ |
| ૭. | શેર દીઠ કમાણી (પ્રતિદિઠ રૂા. ૧૦ ની) [મુળ અને ઘટાડેલી] | ૪.૧૯ | ૫.૩૩ | ૧.૭૧ | ૧૨.૫૪ |

નોંધ : (૧) સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ અને ડિસક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) નિયમનો, ૨૦૧૫ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જોમાં ફાઈલ કરેલ ૩૦મી જુન, ૨૦૨૦ ના રોજ પુરા થતાં ત્રિમાસિક ગાળાના નાણાંકિય પરિણામોની વિગતવાર માહિતીનો સાર ઉપર મુજબ છે. જણાવેલ પરિણામોની સંપુર્ણ માહિતી બીએસઈ લીમીટેડની વેબસાઈટ www.bseindia.com તેમજ કંપનીની વેબસાઈટ www.shareindia.com પર ઉપલબ્ધ છે.

(૨) ૩૦મી જુન, ૨૦૨૦ ના રોજ પુરા થતાં ત્રિમાસિક ગાળાની મુખ્ય અલાયદી નાણાંકિય માહિતી નીચે મુજબ છે :

| વિગતો | ત્રિમાસિક ગાળાને અંતે ૩૦-૦૬-૨૦૨૦ | ત્રિમાસિક ગાળાને અંતે ૩૧-૦૩-૨૦૨૦ | ત્રિમાસિક ગાળાને અંતે ૩૧-૦૬-૨૦૧૯ | વર્ષના અંતે ૩૧-૦૩-૨૦૨૦ |
|---|---|---|---|---|
| ટર્ન ઓવર | ૮૮૦,૫૦૯,૪૩૦ | ૯૮૩,૯૬૩,૫૧૦ | ૪૮૭,૬૫૧,૭૬૪ | ૨,૫૯૯,૮૫૧,૮૩૨ |
| વેરા પુર્વે નફો | ૧૪૯,૫૨૧,૯૬૭ | ૧૮૭,૧૯૨,૬૮૯ | ૬૬,૯૩૨,૦૮૫ | ૪૩૭,૮૧૪,૭૪૮ |
| વેરા પછી નફો | ૧૧૧,૮૩૮,૮૬૯ | ૧૪૬,૭૧૪,૨૩૫ | ૪૪,૯૧૫,૦૬૮ | ૩૩૫,૦૧૩,૬૨૧ |

બોર્ડના આદેશથી
શેર ઈન્ડિયા સિક્યોરીટીઝ લીમીટેડ
(સહી/-)
પ્રવિણ ગુપ્તા
ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર
DIN : 00013926

સ્થળ : દિલ્હી
તારીખ : ૨૮-૦૮-૨૦૨૦



## બેસણુ



અમારા પુજ્ય પિતાશ્રી
રમેશભાઈ રેવાભાઈ પ્રજાપતિ
(સોનીપુર-હાલ વાવોલ)
તા.૩૦-૦૮-૨૦૨૦ને રવિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે.સદ્‌ગતનું બેસણું તા.૩૧/૦૮/૨૦૨૦ ને સોમવારે સવારે ૮ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ:બી-૭૭,ઋત્વીકવીલા, ભુમીપાર્ક સોસાયટી, મુ.વાવોલ,તા.જી.ગાંધીનગર ૯૬૬૨૧ ૧૧૬૦૮

ગં.સ્વ. વર્ષાબેન રમેશભાઈ પ્રજાપતિ (પત્ની) | કૌશલ રમેશભાઈ પ્રજાપતિ (પુત્ર)
રામાભાઈ સોમાભાઈ પ્રજાપતિ (કાકા) | તિથિલ રમેશભાઈ પ્રજાપતિ (પુત્ર)
વિનોદભાઈ રમણભાઈ પ્રજાપતિ (ભાઈ) | ઋત્વીક રમેશભાઈ પ્રજાપતિ (પુત્ર)
નરેન્દ્રભાઈ રામાભાઈ પ્રજાત્પતિ (ભાઈ) | ફાલ્ગુનીબેન પંકજકુમાર(પુત્રી)
હિતેશભાઈ રામાભાઈ પ્રજાપતિ (ભાઈ) | પંકજકુમાર શંકરલાલ (જમાઈ)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

લી. ગં.સ્વ.સારદાબેન કેશવભાઈ પ્રજાપતિ
રાજુભાઈ ચીમનભાઈ પ્રજાપતિ | અશ્વિનભાઈ અંબાલાલ પ્રજાપતિ
સુરેશભાઈ અંબાલાલ પ્રજાપતિ | દિલીપભાઈ અંબાલાલ પ્રજાપતિ

નોંધ : વર્તમાન પરિસ્થીતીને ધ્યાને રાખીને સગા/સ્નેહીજનોને ટેલીફોનિક શોક સંદેશો પાઠવવા વિનંતી



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com